# ધાનેરા પાસે જીપચાલકે રણુંજા જતા પાંચ પદયાત્રી કચડ્યા

ડીસા, તા. ૨૪

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના નેનાવા ગામ પાસે સાંજના સમયે બનેલી એક કરુણાંતિકામાં રણુંજા જતા પાંચ પદયાત્રી માર્ગ અકસ્માતમાં માર્યા ગયા છે. આ પદયાત્રીઓને બેફામ ગતીથી પોતાની ઈન્ડેવર જીપગાડી ચલાવતા ચાલકે કચડી નાખતા તમામ પદયાત્રી ઘટનાસ્થળ પર મોતને ભેટતા ધાનેરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકો નડીયાદના ચકલાસી ગામેથી રણુજા જતા પદયાત્રી હતા. જેમાં ત્રણ મહિલા અને બે પુરૂષોનો સમાવેશ થાય છે.

આ ગોજારા અકસ્માતની વિગતો જોઈએ તો ખેડા જીલ્લાના નડીયાદ તાલુકાના ચકલાસી ગામેથી ૫૦ ભાવિકોનો સંઘ ગત સોમવારે રણુજા જવા માટે રવાના થયો હતો. જે સાંજના સમયે બનાસકાંઠાના ધાનેરા તાલુકાના નેનાવા ગામ પાસે પહોંચ્યો હતો. જોકે તેવાજ સમયે એક ફોર્ડ કંપનીની ઈન્ડેવર જીપગાડી નંબર જીજે-પસીએચ-૩૩૯ ઉનાચાલકે પુર ઝડપે પોતાની ગાડી ચલાવી સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા આ





જીપ રાહ પરના પાંચ જેટલા પદયાત્રી પર કાળચક્ર બની ફરી વળી હતી. જેનાથી ધાનેરા રોડ પર મોતની ચિચિયારીથી સમગ્ર પંથક કંપની ઉઠયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાએ કચડાયેલા પાંચ પદયાત્રિકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જો કે આ અકસ્માતના કાળા કલરની ઈન્ડેવર જીપ પલટી ખાઈ ગઈ હતી અને તેમાં બેઠેલા અન્ય લોકો અને ચાલક નાસી છુટ્યો હતો. જે બાદ આજુબાજુના લોકો રાહત અને મદદ પહોંચાડી હતી અને ધાનેરા પોલીસે દોડી આવી રસ્તા પરનો ટ્રાફિક નિયમન કરી પાંચ મૃતકોને પી.એમ. અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

આ અકસ્માતમાં રણુજા સંઘ લઈ જતા સવિતાબેન ગોરધનભાઈ વાઘેલા ઉં.વ. ૩૮, શાંતાબેન મણીભાઈ વાઘેલા ઉં.વ. ૫૦, કપીલાબેન પુમાભાઈ વાઘેલા ઉં.વ. ૫૫, ધુળાભાઈ વિરાભાઈ વાઘેલા ઉં.વ. ૬૦, ઉદેસીંહ બાબુભાઈ ગોહિલ ઉં.વ. ૫૦ રહે. મહેમદાવાદ તાલુકો મહેમદાવાદ, જિલ્લો-ખેડા નામના પદયાત્રી મોતને ભેટ્યા છે.

ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળ પર જઈ તપાસ કરતા આ અકસ્માત કરનાર વાહનચાલક નાશી છુટ્યો હતો. જોકે તેની ઈન્ડેવર જીપમાં પોલીસ દ્વારા તપાસ કરતા દારૂની બોટલો પણ મળી આવી હતી. આ મામલે ધાનેરા પોલીસે ભાગેડુ જીપચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે. જેની વધુ તપાસ ધાનેરા પી.એસ.આઈ. એસ.ડી. પટેલ ચલાવી રહ્યા છે.

**(હરેશ જોષી, પાલનપુર)**

# ઊંઝાના ૨૭ પાટીદાર નગરસેવકોના રાજીનામા

ઊંઝા, તા. ૨૪

રાજ્યભરમાં અનામતના મુદ્દે પાટીદાર સમાજ દ્વારા ઠેર ઠેર જગ્યાએ રેલીઓ નીકાળવામાં આવી રહી છે. ત્યારે અનામતનો મુદ્દો પ્રતિષ્ઠાનો બની ગયો હોઈ વેપારી મથક ઊંઝા શહેરમાં સૌપ્રથમ ઊંઝા નગરપાલિકાના ભાજપ અને અપક્ષના ૨૭ પાટીદાર નગરસેવકોએ સામુહિક રાજીનામા આપી દીધા છે. રાજ્યમાં કુલ ૧૫૮ નગરપાલિકાઓ પૈકી સૌ પ્રથમ ઊંઝામાંથી પાટીદાર સેવકોએ રાજીનામા ધરી દેતાં રાજકીય માહોલ ગરમાયો છે.

અનામત આંદોલનને લઈ સૌ પ્રથમ વખત રાજકારમમાં એક સાથે આટલા બધા રાજીનામા ધરી દેતા રાજકારણ ગરમાયું છે. ત્યારે તાલુકાના સિંહુ ગામના સરપંચ કાન્તાબેન એ. પટેલ, ઉપસરપંચ બાબુભાઈ સી. પટેલ તેમજ કામલી ગામના સરપંચ ગીરીશભાઈ એ. પટેલ પણ હોદ્દા પરથી રાજીનામા આપી દીધા છે. પાટીદાર સમાજની અનામત માંગણીના સમર્થનમાં આ રાજીનામા પડ્યા હતા. ઉપરાંત કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાનના સહમંત્રી કાન્તિલાલ એમ. પટેલ (કા.યુ.)એ પણ આંદોલનના સમર્થનમાં રાજીનામુ આપી દીધુ હતુ. કે.એમ. પટેલે સંસ્થાનના પ્રમુખ અને મંત્રીને રાજીનામાના પત્રમાં જણાવ્યું હતું કે ઉમિયા માતા સંસ્થાન સમગ્ર વિશ્વમાં કડવા પાટીદારોના ઉત્કર્ષ માટે યોજનાઓ ચલાવી રહી છે. છતાં પણ પાટીદારોને શિક્ષણ અને નોકરીમાં લાભ મળતો નથી. એટલે પાટીદારોના સંતાનો ઉચ્ચશિક્ષણથી પ્રવેશથી વંચિત રહે છે. તેમણે સ્થાનિક ધારાસભ્ય અને સંસ્થાના પ્રમુખને ઉદ્દેશીને જણાવ્યું હતું કે આપ સંસ્થાના પ્રમુખ અને ધારાસભ્ય છો તેથી આપનું વલણ પાટીદારોના હિતમાં સ્પષ્ટ દેખાઈ આવતુ નથી. પાટીદારોના હિત અંગે આપણા સંસ્થાની બેધારી નિતીના કારણે સંસ્થા કોઈ નિર્ણય લેતી નથી. આથી સંસ્થાના હોદેદાર તરીકે રાજીનામું આપુ છુ. ઊંઝા શહેરમાં એક પછી એક રાજીનામા પડતા શહેરમાં રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો હતો.

અનામત આંદોલનને પગલે સૌ પ્રથમ ઊંઝાના નગર સેવકોએ રાજીનામા ધરી દીધા છે તે નગરસેવકોના નામ નીચે મુજબ છે.


પટેલ આશાબેન ચંદ્રેશભાઈ, પટેલ નિતિનભાઈ કાન્તિલાલ, પટેલ સંજયભાઈ ગંગારામદાસ, પટેલ ચંદ્રિકાબેન ગુણવંતભાઈ, પટેલ વિમલકુમાર દશરથભાઈ, પટેલ અલકાબેન પ્રવિણકુમાર, પટેલ ભગુભાઈ રણછોડભાઈ, પટેલ રમેશભાઈ જેઠાલાલ, પટેલ ચંદ્રિકાબેન જયંતિલાલ, પટેલ ભરતભાઈ શીવદાસ, પટેલ અરવિંદ અમૃતલાલ, પટેલ રાજેન્દ્ર જીવરામ, પટેલ દશરથ માધવલાલ, પટેલ તારાબેન દશરથલાલ, શિવમભાઈ રાવલ, પટેલ શૈલેષ રણછોડભાઈ, પટેલ ગણપતભાઈ નરોત્તમભાઈ, પટેલ ભરત ઈશ્વરલાલ, પટેલ રેખાબેન ઘનશ્યામભાઈ, પટેલ મણીલાલ ભગવાનદાસ, પટેલ રમીલાબેન અમૃતલાલ, પટેલ વિમળાબેન નરેશભાઈ, પટેલ કનુભાઈ પરસોત્તમદાસ, પટેલ હર્ષદભાઈ સોમાભાઈ, પટેલ સોમાભાઈ ઈશ્વરલાલ, પટેલ હસમુતિબેન ભરતભાઈ, પટેલ મહેશભાઈ અંબાલાલ

# ખેડબ્રહ્મા પાલિકામાં કોંગ્રેસનો બાર વર્ષનો વનવાસ પૂર્ણ

## કોંગ્રેસે એક અપક્ષનો ટેકો લઈ તથા ભાજપના ત્રણ સભ્યો ગેરહાજર રહેતા ભાજપ પાસેથી સત્તા છીનવી લીધી

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા નગરપાલિકામાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવા માટે અધ્યાસી અધિકારી અને નાયબ કલેકટર વિશાલ સકસેનાના અધ્યક્ષસ્થાને પાલિકાની સામાન્ય સભા સોમવારે બાર વાગે પાલિકાના સભાખંડમાં મળી હતી. પ્રમુખ તરીકે ભાજપના કલાબેન પી. પટેલ તથા કોંગ્રેસના સાગરભાઈ પી. પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે ભાજપના હિતેષકુમાર એમ. દિક્ષિત તથા કોંગ્રેસના ગોપાલભાઈ એમ. રાવલે ઉમેદવારી નોંધાવી હતી. પાલિકામાં ભાજપના ચૌદ સભ્યો છે તેમાંથી ભાજપના ત્રણ સભ્યો ગેરહાજર રહ્યા હતા જ્યારે કોંગ્રેસના ૧૨ સભ્યો છે અને કોંગ્રેસને અપક્ષ મુકેશકુમાર કે. પટેલ (માતાજીકંપા)એ ટેકો આપ્યો હતો. આમ કોંગ્રેસના ૧૩ મત થયા હતા અને ભાજપના ૧૧ મત થતાં કોંગ્રેસના પ્રમુખ અને અને ઉપપ્રમુખના ઉમેદવારોને વિજેતા



જાહેર કરવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા નગરપાલિકામાં માર્ચ ૨૦૦૩થી ભાજપ આજદિન સુધી સત્તા પર હતો. સાડાબાર વર્ષે કોંગ્રેસે ભાજપ પાસેથી સત્તા છીનવી લીધી છે.

કોંગ્રેસના અગ્રણીઓએ ભાજપના વલ્લભભાઈ પટેલને છેલ્લા એક અઠવાડિયાથી ભૂગર્ભમાં ઉતારી દીધા હતા. તથા અર્ચનાબેન શાહે થોડા સમય પહેલા ભાજપમાંથી રાજીનામુ આપ્યુ હતુ. પણ પાછળથી મનાવી લેવામાં આવ્યા હતા. આમ વલ્લભભાઈ પટેલ-અર્ચનાબેન શાહ અને લક્ષ્મીબેન વણજારા સામાન્ય સભામાં ગેરહાજર રહેતા પાલિકામાં ભાજપની સત્તા છીનવાઈ જવા પામી હતી. મુકેશભાઈ પટેલ અપક્ષ તરીકે ચુંટાયા પછી ભાજપને ટેકો જાહેર કરતાં પાણી પુરવઠા સમિતિના ચેરમેન બનાવ્યા હતા. પણ ભાજપના વહીવટકર્તાઓ સાથે વાંધો પડતાં પાણી પુરવઠા સમિતિના ચેરમેન તરીકે રાજીનામુ આપી કોંગ્રેસના સાથે હાથ મિલાવી પંજાના શરણે જતા રહ્યા હતા. આમ ભાજપના અગ્રણીઓ ઉંઘતા ઝડપાયા હતા.

સાગરભાઈ પટેલ પ્રમુખ તરીકે અને ગોપાલભાઈ પટેલ ઉપપ્રમુખ તરીકે બહુમતે ચૂંટાતાં ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, શહેર પ્રમુખ જીજ્ઞેશભાઈ જોષી, નરેશભાઈ પટેલ તથા હર્ષદભાઈ પટેલ સહીત કોંગ્રેસના કાર્યકરોએ ફટાકડા ફોડી ગુલાલ ઉડાડી સરઘસ કાઢી મા અંબાના દર્શન કરી આશીર્વાદ લીધા હતા.

**(રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

# દધાલિયા ગામમાં હાઈ વોલ્ટેજથી ૫૦ મકાનોમાં વીજ ઉપકરણો બળી ગયા

મોડાસા, તા. ૨૪

મોડાસા તાલુકાના દધાલિયા ગામે શનિવારે બપોરે એકાએક હાઈ વોલ્ટેજ થઈ જતાં અનેક મકાનોમાં વીજ ઉપકરણો બળી ગયા હતા. જેના પગલે લોકોને લાખો રૂપિયાનું નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. એકાએક ટીવી, ફ્રિઝ, પંખા સહિતના ઉપકરણો બળી જવાને કારણે લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

વીજ તંત્રની લાલીયાવાડીને કારણે પ્રજામાં મુસીબત વેઠવી પડે છે. ત્યારે મોડાસા તાલુકાના દધાલિયા ગામે શનિવારે બપોરે એકાએક વીજ પાવર વધી ગયો હતો. જેના કારણે એકાએક વીજ ઉપકરણો બળી ગયા હતા. લોકો કંઈપણ સમજે તે પહેલાં ટીવીમાંથી ધુમાડા નીકળવાના શરૂ થઈ ગયા હતા. જ્યારે પંખા, ફ્રિઝ અને ટ્યુબલાઈટ, મોબાઈલ સહિતના ઉપકરણો પણ બળી ગયા હતા. અચાનક વધી ગયેલા વીજ પાવરથી અંદાજે ૫૦ થી વધુ મકાનોમાં વીજ ઉપકરણો બળી જવાથી લોકોને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. હાઈ વોલ્ટેજને કારણે લાખો રૂપિયાનું નુકશાન થતાં લોકોમાં વીજ તંત્રની બેદરકારી પર રોષ ઉભો થયો છે. આ અંગે નુકશાનીનો ભોગ બનાનાર લોકો દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત પણ કરવામાં આવનાર છે.

# વડાલી સુથાર સમાજના રાજ્યપત્રિત અધિકારીઓનું સન્માન કરાયું



ખેડબ્રહ્મા, તા. ૨૪

અંબાજી ખાતે શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ ગુજરાતની વાર્ષિક સાધારણ સભા તથા રાજ્યપત્રિત અધિકારીઓને સન્માનવાનો એક સમારોહ રવિવારે કાલીદાસ મિસ્ત્રી ભવનમાં યોજાઈ ગયો. આ સમારોહના અધ્યક્ષસ્થાને સમાજના પ્રમુખ જયંતીલાલ રેવાશંકર મેવાડા-અમદાવાદના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં સમાજના ૫૨ રાજ્યપત્રિત અધિકારીઓનું સન્માનપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વડાલી સતાવીસ સુથાર સમાજ ખેડબ્રહ્માના જી.પી.એસ.સી.માં સેક્શન અધિકારી તરીકે ફરજ બજાવતા લલિતભાઈ ભોગીલાલ સુથાર, ડૉ. પ્રકાશચંદ્ર કે. મિસ્ત્રી, ડૉ. જનકકુમાર જે. મિસ્ત્રી, નિકુંજકુમાર પી. મિસ્ત્રી તથા હીતેષકુમાર પી. સુથારનું પણ સન્માન થયું હતું. જેથી વડાલી સત્તાવીસ સુથાર સમાજમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે. **(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

# અનામત મુદ્દે બ્રહ્મસમાજની પાલનપુરમાં મહાસભા યોજાઈ

પાલનપુર, તા. ૨૪

રાજ્યભરમાં પાટીદાર અનામત આંદોલને વેગ પકડ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લા અને શહેરોમાં રેલી અને મહાસભાનું આયોજન થાય છે. તો બીજી તરફ ગુજરાતના બ્રહ્મસમાજના ભાઈઓ પણ અનામત અંગે મેદાનમાં ઉતર્યા છે. બ્રહ્મસમાજ દ્વારા ઠેર ઠેર રેલી અને હવનનું આયોજન કરી સરકાર સામે અનામત અંગે બાંયો ચઢાવી છે. બ્રહ્મસમાજની આંધી હવે પાલનપુર ખાતે પણ પ્રસરી છે. પાલનપુર ચહેરમાતાના મંદિર પાસે બ્રહ્મસમાજની મહાસભા યોજાઈ હતી. જેમાં જિલ્લાભરમાંથી બ્રહ્મસમાજના ભાઈ-બહેનો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા. જય પરશુરામના નારાથી ભુદેવોએ સમગ્ર વાતાવરણ ગજવી મુક્યું હતું.

> **બ્રહ્મયુવાનોએ શિક્ષણમાં તેમની ટકાવારીના મુદ્દા પર થતાં અન્યાય અંગે પોતાની વેદના વ્યક્ત કરી હતી**

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં છેલ્લા મહિનાથી ભૂદેવોએ અનામત મુદ્દે લડત શરૂ કરી છે. સમાજ દ્વારા તાજેતરમાં સરકારને સદબુદ્ધિ માટે શીવ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવાનો, આગેવાનો જોડાઈને અનામત લડતના શ્રીગણેશ કર્યા હતા. મહાસભામાં ઉપસ્થિત બ્રહ્મયુવાનોએ શિક્ષણમાં તેમની ટકાવારીના મુદ્દા પર થતાં અન્યાય અંગે પોતાની વેદના વ્યક્ત કરી હતી. જ્યારે અનામત નિતીમાં બ્રહ્મસમાજ સાથે મતભેદ થઈ રહ્યા છે. જ્યારે હાજર કેટલાક અગ્રણીઓએ અનામત આર્થિક ધોરણે કરવુ જોઈએ, બ્રાહ્મણ બોર્ડ વિકાસની રચના કરવામાં આવે તેવી માંગ કરી આગામી સમયમાં ન્યાય નહીં મળે તો આગામી તા. ૨૮-૮-૧૫ના રોજ પાલનપુરમાં બાઈકરેલી અને ધરણાના કાર્યક્રમમાં જોડાવા આહ્‌વાન કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણોને જાતિના વાડા ભુલીને એકતા બનાવાનું કહ્યું હતું. આ પ્રસંગે રાજુભાઈ રાવલ, નંદુ મહારાજ, હરેશભાઈ વ્યાસ, ભરતભાઈ વ્યાસ, ચેતનભાઈ રાવલ, સકુંતલાબેન રાવલ સહિત અનેક અગ્રણી બ્રહ્મબંધુઓ હાજર રહ્યા હતા.


# કંપની સમાચાર

## સ્કીપર લિ.ની નવીન પ્લમ્બિંગ ટેકનોલોજીથી કન્સ્ટ્રક્શન ઉદ્યોગને લાભ થશે

**વૈશ્વિક સ્તરની અગ્રણી કંપની સેકીસુઈ સાથે ભાગીદારી કરી**

પૂર્વીય ભારતમાં પીવીસી પાઈપના વેપારમાં માર્કેટ લીડર્સમાંની એક અને ભારતમાં ટ્રાન્સમિશન ટાવર્સ, ટ્યુબ્યુલર પોલ્સ, મોનોપોલ્સના ટોચના ત્રણ ઉત્પાદકોમાંની એક સ્કીપર લિમિટેડ જાપાન સ્થિત વૈશ્વિક જાયન્ટ સેકિસુઈ કેમિકલ કં.લિ. સાથે ભાગીદારી કરીને ભારતમાં પ્લમ્બિંગ સેક્ટરમાં ક્રાંતિ લાવી છે. કંપની ૧,૭૫,૦૦૦થી વધુ એમટીપીએની નેમપ્લેટ ક્ષમતા ધરાવે છે અને તેની બજાર મૂડી રૂ. ૧,૬૬૦ કરોડથી વધુ છે. સૌપ્રથમ વખત પૂર્વ ભારતની એક સ્થાનિક કંપનીએ બજારમાં વિશ્વ સ્તરની પ્લમ્બિંગ સિસ્ટમ લઈ આવવા માટે વિશ્વની અગ્રણી કંપની સાથે જોડાણ કરતાં આ ભાગીદારી રાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મહત્વની છે. આ મહત્વની જાહેરાત સમયે સ્કિપર લિમિટેડના ડિરેક્ટર્સ શ્રી દેવેશ બંસલ અને શ્રી સિદ્ધાર્થ બંસલ તેમજ સેકિસુઈ કેમિકલ કં.લિ.ના જનરલ મેનેજર (સેલ્સ) શ્રી નોરિઆકિ હામા અને ઈન્ડિયન પ્લમ્બિંગ એસોસિએશનના ગુજરાત એકમના ચેરમેન શ્રી દિપન એન. મહેતા ઉપસ્થિત રહ્યા હતા. દિપેન મહેતાએ આ ટેકનોલોજીસ બાંધકામ ઉદ્યોગ તેમજ ગ્રાહકોને કેવી રીતે ઉપયોગી છે તે દર્શાવ્યુંહતુ. સ્કીપર લિમિટેડના ડિરેક્ટર શ્રી દેવેશ બંસલે જણાવ્યુંહતું કે, 'સ્કીપર ભારતમાં સૌથી ઝડપથી વિકસતી પીવીસી પાઈપ્સ ઉત્પાદક કંપનીઓમાં સ્થાન ધરાવે છે અને તેનો લક્ષ્યાંક આગામી ૧૨ મહિનામાં સમગ્ર ભારતની બ્રાન્ડ બનવાનો છે. કંપનીના પ્રીમિયમ ગુણવત્તાના ઉત્પાદનો સમગ્ર દેશમાં પ્લમ્બિંગ તેમજ કૃષિ પાઈપિંગ સિસ્ટમન્સના ગ્રાહકોને સેવા પુરી પાડે છે.

## એસ્પાયર હોમ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (AHFCL) અમદાવાદ વિસ્તારમાં તેની હાજરી વિસ્તારે છે

આ બ્રાન્ચનું ઉદ્‌ઘાટન AHFCL ના પ્રાદેશિક રોલ આઉટ સ્ટ્રેટેજી સાથે જોડાયેલ છે અને તેનો હેતુ મેટ્રો શહેરના વિવિધ વિસ્તૃત થયેલ ઉપનગરોના સ્થળોએ સેવાઓ માટેનો છે જે બિઝનેસ પોટેન્શિયલ તો છે પરંતુ હાલમાં વિકાસ હેઠળ છે. હાઉસિંગ ફાઈનાન્સ સાથે, આ શાખાઓ દ્વારા એસ્પાયરી પ્રોપર્ટી સર્વિસના વિભાગ દ્વારા રહેણાંકલક્ષી રીયલ એસ્ટેટ સંદર્ભમાં સલાહકારી સહાયતા પુરી પાડવામાં આવશે. આ પ્રસંગે શ્રી અનિલ સચિદાનંદ, AHFCLના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓએ જણાવ્યું હતું કે 'અમદાવાદ અને તેના વિસ્તૃત ઉપનગરો ગુજરાતમાં અમારી એકંદર વૃદ્ધિ યોજના માટે મહત્વપૂર્ણ છે. એએચએફસીએલની પહેલેથી જ અમદાવાદમાં એક શાખા છે. નારોલ અને નરોડા સ્થળોની શાખાઓ મુખ્ય શાખા સાથે જોડાયેલ વિસ્તૃત બ્રાન્ચ તરીકે સેવા આપશે અને અમદાવાદ વિસ્તારમાં ઊંડા ઉતરવામાં મદદ કરશે. ગુજરાત અમારા માટે બિઝનેસ પોઈન્ટ ઓફ વ્યૂથી મહત્વનું રાજ્ય છે અને અમે બ્રાન્ચ/ સેલ્સ સેન્ટરો દ્વારા રાજ્યમાં લગભગ તમામ મુખ્ય જિલ્લાઓમાં અમારી હાજરી વિસ્તારવાનું વિચારી રહ્યા છીએ.'

શ્રી અશોક જસાણી ગુજરાતના એરિયા બિઝનેસ મેનેજરે જણાવ્યું હતું કે, અમે પહેલાથી જ અમદાવાદ, સુરત, રાજકોટ, કડી, હિંમતનગર અને ભાવનગર ખાતે હાજર છીએ. નરોડા અને નારોલ અમદાવાદ પ્રદેશમાં ઉમેરાતા હવે અમે અમદાવાદ પ્રદેશમાં વધુ મોટા ભૌગોલિક વિસ્તારોમાં સગવડ આપવાની સ્થિતિમાં છીએ.


## ઘ-માર્ગને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધારણાનુ કામ હાથ ન ધરાતા વરસાદી દિવસોમાં આ માર્ગ સાવ ઉબડ ખાબડ બન્યો છે. ઘ માર્ગ નું કામ ૪ વર્ષ પૂર્વે હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે નિયત સમયગાળાના અંતે આ રસ્તાની સપાટી ખરબચડી બનતા વાહનચાલકો પણ પરેશાન થઈ ગયા છે.જયારે વરસાદી દિવસોમાં ઘ માર્ગ મગરની પીઠ સમાન બનતા તંત્ર દ્વારા આ માર્ગના નવિનીકરણ માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે ઘ માર્ગની હાલત જોતા ચોમાસાના વરસાદી દિવસો બાદ તુરંત જ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા સરકારી પ્લાન્ટમાંથી આ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા પણ આખરી આયોજન કરવામાં આવી રહયુ છે.

આ ઉપરાંત નગરના છ માર્ગનું પણ નવિનિકરણ કરવામાં આવશે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માટાભાગના રસ્તાઓનુ ધોવાણ થઈ ગયુ છે. જયારે જુના સેકટરોમાં સરકારી વસાહતના માર્ગોના કામ સંદર્ભે પણ દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

## મચ્છરોના ધામા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોંકી ઉઠ્યા છે. આ બાબતે તાબડતોબ ફોગીંગ ભોંયતળિયે કરાયા બાદ હવે આખા સંકુલમાં આ ફોગીંગ કરવાની બાબત પણ વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે.

આજે મનપાના બાયોલોજીસ્ટ શ્રી પટેલ તથા જિલ્લા મેલેરિયા અધિકારીએ આ સંકુલની સંયુક્ત મુલાકાત લીધી હતી.

## શક્તિ પ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમ માનવામાં આવે છે. જીએમડીસી ગ્રાઉન્ડને ૬૦ બ્લોકમાં વિભાજીત કરીને તૈયારી હાથ ધરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસથી રાજ્યના જુદા જુદા ભાગોમાં કાર્યક્રમ ચાલી રહ્યા છે પરંતુ આવતીકાલે અમદાવાદના જીએમડીએસ ખાતે પ્રચંડ કાર્યક્રમ યોજનાર છે. કાર્યક્રમના સ્થળને લઈને થોડાક દિવસ સુધી ખેંચતાણ રહી હતી. પાટીદારો સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે કાર્યક્રમ યોજવા ઈચ્છુક હતા પરંતુ આખરે સરકાર અને અમદાવાદ કોર્પોરેશન તરફથી સમજાવવામાં આવ્યા બાદ પાટીદારો સ્થળને જીએમડીસી ખાતે ખસેડવા માટે તૈયાર થયા હતા. જો કે પાર્કિંગ માટે રિવર ફ્રન્ટ પર મંજૂરી આપી દેવામાં આવી છે. ૨૫મી ઓગસ્ટના દિવસે અમદાવાદમાં મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આના માટે પાટીદાર સમુદાયના લોકો લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે. પાટીદાર મોજુ ફરી વળે અને કોઈ નુકસાન ન થાય તે માટે તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. અન્ય પછાત જાતિ (ઓબીસી)માં સામેલ કરવાને લઈને પાટીદાર સમુદાયના લોકો આંદોલન ઉપર ઉતરેલા છે. સાયન્સ સિટી નજીક હેરાત પાર્ટી પ્લોટ ખાતે પાટીદાર રેલી માટે કન્ટ્રોલ રુમની શરૂઆત કરવામાં આવી છે. રેલીની નાની નાની બાબતો ઉપર નજર રાખવા ૫૦૦૦૦થી વધુ સ્વયં સેવકો અને મેનેજિંગ ટુકડી તૈયાર કરવામાં આવી છે. પટેલોએ પાર્ટી પ્લોટ, કોમ્યુનિટી હોલ, સ્કૂલો અને કોલેજોના દરવાજા પણ તેમના લોકો માટે ખોલી દીધા છે. આ લોકો મહારેલીમાં ભાગ લેવા માટે રાજ્યના જુદા જુદા ભાગોમાંથી પહોંચનાર છે.

આશરે ૨૫ સ્કૂલ કેમ્પસ શહેરના બહારથી આવનાર પાટીદારોને આપી દેવામાં આવ્યા છે. ઘણા પાર્ટી પ્લોટમાં રસોડા પણ શરૂ કરવામાં આવ્યા છે. આ તમામ જગ્યાઓએ પાટીદારો માટે ખાદ્યાન્ન ચીજવસ્તુઓનો જથ્થો પણ પહોંચી રહ્યો છે. અભૂતપૂર્વ શક્તિપ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પાટીદારો માટે ભોજનની જે વ્યવસ્થા કરવામાં આવી છે તેમાં સેવ, થેપલા, મોહનથાળ, ગાંઠિયા, ફુલવડી અને અન્ય ડ્રાય સ્નેકનો સમાવેશ થાય છે. અમદાવાદ મહારેલીમાં ૨૦ લાખથી વધુ લોકો પહોંચે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલનું કહેવું છે કે, જુદા જુદા વિસ્તારમાંથી લોકો પહોંચી રહ્યા છે. શહેરમાં કોઈ અવ્યવસ્થા ન થાય તે માટે પણ પગલા લેવાઈ રહ્યા છે. ૨૧ પાર્ટી પ્લોટ તૈયાર રાખવામાં આવ્યા છે. ૨૫ કોમ્યુનિટી હોલ પણ રોકાણ અને આરામ માટે તૈયાર રાખવામાં આવ્યા છે. ૧૦ લાખ ફુડ પેકેટ એક સાથે તૈયાર કરવામાં આવી રહ્યા છે.